અપીલ અરજી નં.૨૬ તા.૨૩–૪–૧૦/૧૧

અરજદારઃ– શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા.૨૨–૩–૧૦ની અરજીથી(૧) તા.૮–૧૦–૦૯, તા.૧૩–૧૦–૦૯, તા.૨૫–૧૧–૦૯ ,૧૦–૧૨–૦૯ , ૧૮–૧૨–૦૯,૨–૧–૧૦,૯–૧–૧૦, ૧૧–૧–૧૦, ૨૧–૧–૧૦ ઉપરોકત તારીખવાળા દિવસોએ જુ.ઈ. સાવન પટેલે ડીમોલીશનની કામગીરી કરેલ છે તો તે ડીમોલીશનની કામગીરી કયા કયા ગે. કાયદેસર બાંધકામોમાં કરેલ છે તથા ડીમોલીશન પેટે બાંધકામધારકો પાસેથી કેટલી કેટલી રકમ વસુલી તેની ડીમોલીશન થયેલ બાંધકામના સરનામા તથા કેટલા કેટલા ભાગનું ડીમોલીશન કર્યુ તથા તેની સામે કેટલી કેટલી રકમ વસુલી તેની રસીદ સહિતની વિગતવાર માહિતી આપશો. વિ. મુદ્દા નં.૧ થી ૭ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૩–૪–૧૦ ની **SMC/FAP/** નં.૨૬/૨૦૧૦–૧૧

શ્રી રમેશ કે. જાંગીડની તા.૨૨–૩–૧૦ની અરજીથી (૧) તા.૮–૧૦–૦૯, તા.૧૩–૧૦–૦૯, તા.૨૫–૧૧–૦૯ ,૧૦–૧૨–૦૯, ૧૮–૧૨–૦૯,૨–૧–૧૦,૯–૧–૧૦, ૧૧–૧–૧૦, ૨૧–૧–૧૦ ઉપરોકત તારીખવાળા દિવસોએ જુ.ઈ. સાવન પટેલે ડીમોલીશનની કામગીરી કરેલ છે તો તે ડીમોલીશનની કામગીરી કયા કયા ગેરકાયદેસર બાંધકામોમાં કરેલ છે તથા ડીમોલીશન પેટે બાંધકામધારકો પાસેથી કેટલી કેટલી રકમ વસુલી તેની ડીમોલીશન થયેલ બાંધકામના સરનામા તથા કેટલા કેટલા ભાગનું ડીમોલીશન કર્યુ તથા તેની સામે કેટલી કેટલી રકમ વસુલી તેની રસીદ સહિતની વિગતવાર માહિતી આપશો. વિ. મુદ્દા નં.૧ થી ૭ની માહિતી આપવા બાબત. નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૩–૪–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૫૬ તા.૩–૫–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૨૬૪ તા.૧૦–૫–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલ માહિતી પત્ર નં.સા.ઝોન/ટેક./૨૧૧ તા.૧૨–૪–૧૦ ના પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૨૨–૩–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી માંગતી અરજી કરવામાં આવેલ. જે દિન–૩૦ માં પ્રતિભાવ નહીં મળવાના કારણે અરજદારે તા.૨૩–૪–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. મુદ્દા નં.૧. તા.૮–૧૦–૦૯, તા.૧૩–૧૦–૦૯, તા.૨૫–૧૧–૦૯ ,૧૦–૧૨–૦૯, ૧૮–૧૨–૦૯,૨–૧–૧૦,૯–૧–૧૦, ૧૧ –૧–૧૦, ૨૧–૧–૧૦ ઉપરોકત તારીખવાળા દિવસોએ જુ.ઈ. સાવન પટેલે ડીમોલીશનની કામગીરી કરેલ છે તો તે ડીમોલીશનની કામગીરી કયા કયા ગે. કાયદેસર બાંધકામોમાં કરેલ છે તથા ડીમોલીશન પેટે બાંધકામધારકો પાસેથી કેટલી કેટલી રકમ વસુલી તેની ડીમોલીશન થયેલ બાંધકામના સરનામા તથા કેટલા કેટલા ભાગનું ડીમોલીશન કર્યુ તથા તેની સામે કેટલી કેટલી રકમ વસુલી તેની રસીદ સહિતની વિગતવાર માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આપની અરજીમાં જણાવેલ તારીખોએ આસી. ઈજનેરે કરેલ કાર્યવાહી અંગે ઉપલબ્ધ દફતરી રેકર્ડ (વર્ક ડાયરી મુજબ) ઉન, ભેસ્તાન, ભાણોદ્રા, સીટી ઈન્ડ., બમરોલી ગામ રોડ, રોડ નં.૮ પાંડેસરા જીઆઈડીસી, "બી " રોડ, બમરોલી ૧૦૦ ફુટનો રોડ, માનવ ઈન્ડ. , મારૂતિનગર, પાંડેસરા ગામતળ, ઉમા ઈન્ડ., તિરૂપતિનગર, આશિષનગર, બેકાવાલા કંપાઉન્ડ ગાંધીનગર, બમરોલી ૧૫૦ ફુટ રોડ, રણછોડનગરના બાંધકામોમાં કાર્યવાહી કરેલ છે જે પૈકી કુલ ૩૦ હજારનો વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૨. સાવન પટેલ ધ્વારા થયેલ ઉપરોકત બાંધકામો હાલમાં કઈ પોઝીશનમાં છે તેની વિગતો આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આપની અરજીમાં જણાવેલ બાંધકામો હાલમાં કઈ પોઝીશનમાં છે તેની કોઈ દફતરી રેકર્ડ મુજબની કોઈ વિગતો ઉપલબ્ધ ન હોય તેમજ સ્થળ તપાસ કરીને વિગતો આપવાની રહેતી ન હોય વિગતો આપી શકાય તેમ નથી તેવું જણાવેલ છે. મુદ્દા નં.૩. તા.૬–૧૧–૦૯,તા.૭–૧૧–૦૯ તથા તા.૨૫–૧૧–૦૯ ના રોજ સાવન પટેલ કઈ કઈ જગ્યાનું દબાણ હટાવ્યું તથા દબાણ હટાવ્યા બાદ કઈ કઈ ચીજ વસ્તુઓ જપ્ત કરીને દબાણ ડેપોમાં લાવી તેની વિગતવાર માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આપની અરજીમાં જણાવેલ તારીખોએ આસીઈ ઈજનેરની દફતરી રેકર્ડ પરની વર્ક ડાયરી મુજબ ઉધનાસંઘ રોડ નં. "૦ " સેન્ટ્રલ રોડ પાંડેસરા પાણીનું ટાંકી પાસેનું લારી ગલ્લા /દબાણ હટાવેલ હોવાનું જણાય છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૪ તા.૧૩–૧૦–૦૯ ના રોજ જુ. ઈજનેર સાવન પટેલે કઈ કઈ મિલ્કતોને સીલ કરી તેની નામ સરનામા સહિતની વિગતો આપશો તથા સીલ કરેલ મિલ્કત હાલમાં કઈ પોઝીશનમાં છે તેની વિગત આપશો. જો સીલ ખોલવામાં આવ્યું હોય તો તે સીલ ખોલવા અંગેની પરમીશન આપી હોય તો તે પરમીશન પત્ર સહિતની વિગતો

આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઉધનાઝોનના ઉપલબ્ધ રેકર્ડ મુજબ સીટી ઈન્ડ. ઓ/૨૧,૨૨ વાળી મિલ્કતને સીલ મારવામાં આવેલ હોવાનું જણાય છે તથા સદર મિલ્કત હાલ કઈ પોઝીશનમાં છે તેની કોઈ દફતરી રેકર્ડ મુજબની વિગતો ઉપલબ્ધ ન હોય, તેમજ સ્થળ તપાસ કરી વિગતો આપવાની રહેતી ન હોય, વિગતો આપી શકાય તેમ નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૫ તા.૨૫–૧૧–૦૯ ના રોજ સાવન પટેલે કઈ કઈ મિલ્કતોના પતરા હટાવ્યા તથા તે પતરા ડેપોમાં લાવવામાં આવ્યા કે મિલ્કતદારને પરત આપવામાંઆવ્યા તેની મિલ્કતદારના નામ સરનામા સહિતની વિગતવાર માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આપની અરજીમાં જણાવેલ તારીખે ઉપલબ્ધ રેકર્ડ મુજબ પાંડેસરા જીઆઈડીસી "બી" રોડ પરના પતરા હટાવેલ હોવાનું જણાય છે તે સિવાયની અન્ય કોઈ વિગત ઝોન કચેરીના રેકર્ડ પર ઉપલબ્ધ ન હોય, આપી શકાય તેમ નથી.તેવું જણાવેલ છે. મુદ્દા નં.૬ તા.૧૫–૧૨–૦૯, ૩૧–૧૨–૦૯, ૨–૧–૧૦ ૯–૧–૧૦ ના રોજ સાવન પટેલે કયા કયા ગેરકાયદેસરના બાંધકામો અટકાવ્યા તેના નામ સરનામા તથા હાલમાં તે બાંધકામો કઈ પોઝીશનમાં છે. તેની વિગતવાર માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આપની અરજીમાં જણાવેલ તારીખોએ આસી. ઈજનેરે પાંડેસરા જીઆઈડીસી માનવ ઈન્ડ. ,બેકાવાલા કંપાઉન્ડ, ગાંધીનગર ખાતેના બાંધકામો અટકાવેલ હોવાનું ઉપલબ્ધ રેકર્ડ ચકાસતા જણાય છે. તે બાંધકામો હાલ કઈ પોઝીશનમાં છે તેની કોઈ દફતરી રેકર્ડ મુજબની વિગતો ઉપલબ્ધ ન હોય તેમજ સ્થળ તપાસ કરી વિગતો આપવાની રેહેતી ન હોય વિગતો આપી શકાય તેમ નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૭ તા.૧૧–૧૨–૦૯ ના રોજ સાવન પટેલે ઉધનાસંઘના કયા કયા બાંધકામો સ્થળ પરથી બિલ્ડીંગ મટીરીયલ્સ ઉચકયું હતું? આ મટીરીયલ્સમાં કઈ કઈ ચીજ વસ્તુઓ હતી તથા તે ચીજ વસ્તુઓ હાલમાં કયાં છે તેની વિગતવાર માહિતી આપશો. (સ્થળ તપાસ સહિતીની વિગત) તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૭ માં જણાવેલ વિગતો ઝોન કચેરીના રેકર્ડ ઉપર ઉપલબ્ધ ન હોય આપી શકાય તેમ નથી તેવું જણાવેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારીની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળ પાસેથી અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. જે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પૂરી પાડેલ જણાય છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૨–૩–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી અને હકીકતલક્ષી માહિતી પૂરી પડાયેલ હોય અપીલ અરજી અંગે કંઈ વિશેષ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/ — ડે.કમિશનર(જનરલ)
તારીખ : –૫ –૧૦ — અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી રમેશ કે. જાંગીડ,